પ્રાથમિક શિક્ષણ (ધો.૧ થી ૫) તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮) ના પ્રાથમિક શિક્ષકોને મુખ્ય શિક્ષક (HTAT) તરીકે બઢતી આપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સીંફા-૧૮/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૦૭/૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૧/૨૦૧૨નું **જાહેરનામા ક્રમાંક** : જીએચ/એસએચ/૨/પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક

(૨) શિક્ષણ વિભાગનું તારીખ ૨૨/૦૯/૨૦૧૬નું જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/એસઆઇ/એફ/૧૧/ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ ૦૮/૦૩/૧૯૯૯નો ઠરાવ ક્રમાંકઃ પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૧૭ ઉપરની તા.૧૭/૦૫/૨૦૧૭ની દરખાસ્ત.

આમુખ :-

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) ઉપરના શિક્ષણ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામાથી ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની લાયકાત ધરાવતા માત્ર તાલીમી સ્નાતકોને બઢતીને પાત્ર ગણેલા હતા. વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ઉપરના શિક્ષણ વિભાગના તા.૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામાથી મુખ્ય શિક્ષક (HTAT)ના ભરતી નિયમો નવેસરથી નક્કી કરવામાં આવેલા છે, જેમાં મુખ્ય શિક્ષક તરીકે સીધી ભરતી અને બઢતીનો રેશિયો ૧:૧ ઠરાવેલ છે. બઢતીના ૧:૧ના રેશિયા પૈકીની ૫૦% જગ્યાઓ પૈકી પેટા રેશિયામાં પ્રાથમિક શિક્ષક (ધોરણ ૧ થી ૫)ની કેડર અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધોરણ ૬ થી ૮)ની કેડરનો બઢતી માટેનો ૩:૨નો રેશિયો સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આમ, મુખ્ય શિક્ષક (HTAT)માં બઢતી માટેની જગાઓ પ્રાથમિક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી ભરવા જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ઉપરના શિક્ષણ વિભાગના જાહેરનામામાં મુખ્ય શિક્ષક (HTAT)ની જગાએ બઢતી આપવા માટે થયેલ જોગવાઇના સંદર્ભમાં કોઈ ચોક્કસ માર્ગદર્શક સૂચનાઓ કે નિયમો આ વિભાગ તરફથી તૈયાર કરવામાં આવેલા નથી. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા.૦૪/૦૭/૨૦૧૨ના પત્રથી રાજ્યના તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને મુખ્ય શિક્ષક (HTAT) માટે લાયકાત ધરાવતા શિક્ષકોની અરજીઓ મેળવીને તે આધારે સિનીયોરીટી લીસ્ટ તૈયાર કરવા અને બઢતી આપવા સૂચના આપેલ છે. આ સૂચના સમયબધ્ધ કાર્યક્રમરૂપે ૨૦૧૨ના વર્ષ પૂરતી આપેલી છે. તે પછી આવી કોઈ સુચનાઓ અમલમાં નથી.

૩. વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ઉપરના આ વિભાગના તા.૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામાના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને બઢતી આપવા માટેની બાબત નવેસરથી વિચારણા માટે ઉપસ્થિત થયેલ છે તેથી બંઢતીની કાર્યરીતિ નક્કી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. સામાન્ય રીતે બઢતીની જગ્યાઓ ઉપર ફીડર કેડરમાંથી સીનીયોરીટી યાદી મુજબ પાત્રતાની લાયકાત ધરાવતા કર્મચારીઓને બઢતી આપવાની હોય છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૪) ઉપરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૧૭ની તારીખ ૧૬/૦૫/૨૦૧૭ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તેને ધ્યાને લઈ, પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની જોગવાઇ કરવાનું ઠરાવવામાં આવે છેઃ

**ઠરાવ:**

<u>સિનિયોરીટી:</u>

(૧) **મુખ્ય શિક્ષક (HTAT) બઢતી માટે સિનિયોરીટી યાદી બનાવેલ હોય તો તે રદ કરી તા.૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા મુજબ હવે મુખ્ય શિક્ષક (HTAT)ની જગાએ બઢતી આપવા માટે નવેસરથી પ્રાથમિક શિક્ષક (ધોરણ ૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધોરણ ૬ થી ૮)ની ફીડર કેડર બનેલ હોઇ, પ્રાથમિક શિક્ષક (ધોરણ ૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધોરણ ૬ થી ૮)ની અલગ અલગ સિનિયોરીટી યાદી બહાર પાડવાની રહેશે.**

(૨) પ્રાથમિક શિક્ષક (ધોરણ ૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધોરણ ૬ થી ૮)ની અલગ અલગ સિનિયોરીટી યાદી દર વર્ષની પહેલી જાન્યુઆરીની સ્થિતિએ તૈયાર કરવાની રહેશે. તે યાદીમાં સુધારા વધારા માટે રજૂઆતો કરવા માટે ૩૦ દિવસનો સમયગાળો આપી જે તે વર્ષની પહેલી માર્ચ સુધીમાં આખરી સિનીયોરીટી યાદી બહાર પાડવાની રહેશે.

(૩) સિનીયોરીટી યાદી દર વર્ષે નવેસરથી બહાર પાડવાની રહેશે.

(૪) બઢતી માટેની સિનીયોરીટી યાદી બનાવતી વખતે શિક્ષણ વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ જે તે શિક્ષકની સંબંધિત જિલ્લામાં ખાતામાં દાખલ તારીખ જ ધ્યાને લેવાની રહેશે. જિલ્લા ફેરબદલીથી આવેલા શિક્ષકના કેસમાં પણ સંબંધિત જિલ્લામાં આવ્યાની તારીખ ધ્યાને લેવાની રહેશે.

(૫) પ્રાથમિક શિક્ષકમાંથી મુખ્ય શિક્ષક (HTAT) તરીકેની બઢતી સ્વૈચ્છિક રીતે સ્વીકારવાની થતી હોવાથી સિનીયોરીટી મુજબ જે પ્રાથમિક શિક્ષક બઢતી માટેની પાત્રતા ધરાવતા હોય અને જો તેઓ બઢતીના લાભનો અસ્વીકાર કરે તો મુખ્ય શિક્ષક (HTAT) તરીકે બઢતી માટેનો તેમનો હક્ક કાયમી જતો રહેશે.

<u>બઢતી માટેની પાત્રતા :</u>

(૧) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામાથી થયેલ જોગવાઇ મુજબ મુખ્ય શિક્ષક(HTAT)ની જગાએ બઢતી માટે પ્રાથમિક શિક્ષક(વર્ગ-૩) તરીકેનો પાંચ વર્ષનો અનુભવ હોવો જોઇશે.

(૨) મુખ્ય શિક્ષક(HTAT)ની જગાએ બઢતી માટે HTATની પરીક્ષા કોઇપણ એક વાર પાસ કરેલી હોવી જોઈશે, જેને પાંચ વર્ષનો સમયગાળો લાગુ પડશે નહીં.

(૩) મુખ્ય શિક્ષક(HTAT)ની જગાએ બઢતી માટે સરકારશ્રીએ નિયત કરેલ સંસ્થામાંથી Course on Computer Concepts(CCC) પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે.

(૪) સરકારશ્રીએ નિયત કરેલ હિન્દી/ગુજરાતી અથવા બંને ભાષાઓની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે.

(૫) બઢતી આપતી વખતે પ્રાથમિક શિક્ષક સામે કોઇ ખાતાકીય તપાસ ચાલુ કે પડતર હોવી જોઇએ નહીં તેમજ કોઇ ફોજદારી કાર્યવાહી પણ ચાલુ હોવી જોઇએ નહીં.

(૬) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૦૨/૧૯૯૫ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી/૧૦૮૯/૮૯૪/ગ-૨ અને વખતોવખતની સરકારશ્રીની સુચનાઓ મુજબ બઢતી આપતી વખતે પ્રાથમિક શિક્ષકના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ સારા હોવા જોઇએ.

<u>રોસ્ટર બાબત :</u>

(૧) તા.૨૨/૦૯/૨૦૧૬ પહેલાં બઢતી પામેલ મુખ્ય શિક્ષક(HTAT)ને સંબંધિત જિલ્લાના રોસ્ટર પોઈન્ટ મુજબ ગણતરી કરી રોસ્ટર રજીસ્ટરમાં વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) ઉપરના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૮/૦૩/૧૯૯૯ના ઠરાવ મુજબ સંબંધિત જિલ્લામાં ખતવણી કરવાની રહેશે. તારીખ ૨૨/૦૯/૨૦૧૬ પહેલાં જેમને બઢતી મળેલ છે, તેમાંથી નિમ્ન પ્રાથમિક શિક્ષકને નિમ્ન પ્રાથમિક શિક્ષકના રેશિયામાં અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના રેશિયામાં ગણતરીમાં લેવાના રહેશે. તેના આધારે બઢતી માટે ઉપલબ્ધ થતી જગાઓ લક્ષમાં લઇ, હવે પછી આપવાની થતી બઢતીમાં પ્રાથમિક શિક્ષણ વિભાગ અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિભાગમાં કેટલી જગ્યાઓ ભરવાની થાય છે તેની ગણતરી કરી તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા મુજબ બઢતીની કાર્યવાહી કરવાની રહેશે.

(૨) (અ) પ્રાથમિક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બન્નેની અલગ અલગ સિનિયોરીટી યાદી બનાવ્યા બાદ તેમાંથી એક કોમન યાદી બનાવવાની રહેશે. જેમાં પ્રથમ ૩ ક્રમ (૧,૨ અને ૩) પ્રાથમિક શિક્ષકોને તથા ત્યાર પછીના ૨ ક્રમ (૪ અને ૫) ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોને ગોઠવવાના રહેશે. તે પછી આવતા બાકીના ક્રમાંકો પણ તે જ ક્રમમાં આ પધ્ધતિથી ગોઠવવાના રહેશે. તે મુજબની યાદી બનાવી બઢતી આપવાની રહેશે અને તે મુજબ રોસ્ટર રજીસ્ટરો નિભાવવાના રહેશે.

(બ) જો અનામત વર્ગના ઉમેદવાર ના મળે તો તે જગ્યા ખાલી કે ઘટ બતાવવાની રહેશે.

(ક) અનામત વર્ગના ઉમેદવાર બઢતી માટે ઉપલબ્ધ થઇ જાય પછી પણ જો અનામત કક્ષાના ઉમેદવાર દાખલ તારીખના લીધે સીનીયોરીટીમાં આવતા હોય તો તે અનામત કક્ષાના ઉમેદવારને બઢતી આપવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો વધી જાય છે તેમ માની દાખલ તારીખના લીધે સીનીયોરીટીમાં આવતા ઉમેદવારોને બઢતી આપવામાં બાકાત રાખી શકાશે નહીં અને ભવિષ્યમાં જે તે અનામત વર્ગના ઉમેદવારોનું ઠરાવેલ

પ્રતિનિધિત્વ રાજીનામુ, અવસાન, નિવૃત્તિ કે અન્ય કારણોસર ઘટી જાય તે વખતે રોસ્ટર રજીસ્ટરમાં તેઓને સરભર કરવાના રહેશે.

પસંદગી યાદી બાબત:

(૧) મુખ્ય શિક્ષક(HTAT) તરીકે બઢતી મેળવ્યા બાદ ફીડર કેડરમાં પરત જવાનો હક્ક રહેશે નહીં.

(૨) સિનીયોરીટી યાદી મુજબ કોઇ ઉમેદવાર સ્થળ પસંદગી ન કરે અથવા ગેરહાજર રહે તો તેણે બઢતી મેળવવા ઇન્કાર કરેલ છે તેમ માનવાનું રહેશે અને આવો હક્ક જતો કરનારને બઢતીનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. તેના પરિણામે ઉપલબ્ધ ખાલી જગ્યાએ તે પછીના ક્રમના ઉમેદવારને બઢતી આપવાની રહેશે.

શાળા પસંદગી બાબત :

(૧) શાળા પસંદગી માટે શાળાઓ નક્કી કરતી વખતે મુખ્ય શિક્ષક (HTAT) માટે મંજૂર કરેલ શાળાઓમાંથી સૌ પ્રથમ રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ (R.T.E.)ના નોર્મ્સવાળી ખાલી જગ્યા ધરાવતી શાળાઓ પસંદ કરવી અને જો ઉમેદવારો કરતાં તે શાળાઓ ઓછી થાય તો મુખ્ય શિક્ષક (HTAT) માટે મંજૂર કરેલ શાળાઓમાંથી નોર્મ્સ વગરની ખૂટતી શાળાઓની યાદી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ પાસે મંજુર કરાવીને સીધી ભરતી તથા બઢતીના ઉમેદવાર જેટલી જ ખાલી જગ્યાઓ નોટીસ બોર્ડ પર દર્શાવવાની રહેશે.

(૨) મુખ્ય શિક્ષક(HTAT)ની જગાએ બઢતી માટે લાયક પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક પોતાની શિક્ષક કે વિદ્યાસહાયક તરીકે જે માધ્યમની શાળા માટે ભરતી થયેલ હશે તે જ માધ્યમની શાળાના મુખ્ય શિક્ષક બની શકશે. અન્ય માધ્યમની શાળામાં તેઓને મુખ્ય શિક્ષક(HTAT) તરીકે બઢતી મળશે નહી.

(3) જાહેર કેમ્પ યોજીને શાળા પસંદગી કરાવવાની રહેશે. સામાન્ય સંજોગોમાં જે તે વર્ષમાં મુખ્ય શિક્ષકની સીધી ભરતી થાય ત્યારે તેઓને શાળા પસંદગી કેમ્પ વખતે બઢતી મેળવનાર શિક્ષકોને પણ ઉપસ્થિત રાખી તે જ કેમ્પમાં શાળા પસંદગી કરાવવાની રહેશે. શાળા પસંદગી વખતે બન્ને યાદીઓ એક સાથે ક્રમશ: ઉપયોગમાં લેવાની રહેશે એટલે કે કેમ્પમાં બઢતીની યાદી પરના પ્રથમ ઉમેદવારને પ્રથમ શાળા પસંદગીની તક આપવાની રહેશે. બીજા ક્રમે સીધી ભરતીની યાદીના પ્રથમ ક્રમનાં ઉમેદવારને શાળા

પસંદગીની તક આપવાની રહેશે. તે મુજબ એક ઉમેદવાર બઢતી અને એક ઉમેદવાર સીધી ભરતીના એ રીતે ક્રમશ: સ્થળ પસંદગી કરાવવાની રહેશે. મંજૂર થયેલ ખાલી જગ્યાઓ વધારે હોય અને બઢતી કે સીધી ભરતીની કોઇ એક યાદી પૂર્ણ થઈ જાય અને શાળા બાકી રહેતી હોય તો તેવા કિસ્સામાં જે યાદીમાં ઉમેદવાર ઉપલબ્ધ હોય તે યાદીમાંથી સળંગ શાળા પસંદગી કરાવવાની રહેશે. જે યાદીમાંથી વધારે ઉમેદવારો લેવાયા હોય તેટલી જગાઓ તે પછીના મુખ્ય શિક્ષક ભરતી પ્રસંગે ઓછી ભરવાની રહેશે. દા.ત. કુલ ૧૦૦ જગા ભરવાની છે અર્થાત્ બઢતીની ૫૦ અને સીધી ભરતીની ૫૦ જગાઓ ઉપલબ્ધ છે અને બઢતી યાદીમાં ૫૮ ઉમેદવાર છે જ્યારે સીધી ભરતીની યાદીમાં ૪૦ ઉમેદવાર છે તેવા સંજોગોમાં બન્ને યાદીના પ્રથમ ૪૦-૪૦ ઉમેદવારોને ક્રમશ: શાળા પસંદગી કરાવવી. હવે બઢતીમાં ૧૮ ઉમેદવાર વધારે છે અને ૨૦ જગા ખાલી છે તેવા સંજોગોમાં બાકી રહેતા બઢતીના ૧૮ ઉમેદવારોને સળંગ શાળા પસંદગી કરાવવાની રહેશે અને તે પછીના ભરતી પ્રસંગે બઢતીની જગામાં ૧૮ ઉમેદવારો ઓછા ભરવાના રહેશે.

<u>પગાર ધોરણ બાબત :</u>

બઢતી મેળવનાર પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને જો રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૨૦૦નું પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મળી ગયેલ હશે તો મુખ્ય શિક્ષકની જગાની બઢતી આપ્યા બાદ મુખ્ય શિક્ષકની જગાની પગાર બાંધણી કરવાની રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- **એકાઉન્ટન્ટ જનરલશ્રી**, અમદાવાદ/રાજકોટ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ } નિયામકશ્રી, પ્રા.શિ.ની કચેરી મારફત.
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે)
- શાખા સિલેક્ટ ફાઇલ